પરિપત્ર માત્ર સરકારી શાળાઓ પૂરતો કે ખાનગી શાળાઓને પણ લાગુ?

# શાળાઓમાં વાલીઓના પ્રવેશ પર નિયંત્રણનો વિવાદ, સ્પષ્ટતા માગતી VPA

**શિક્ષણ** વિભાગના પરિપત્ર અંગે કમિશનર સમક્ષ રજૂઆત, શુદ્ધિપત્રક બહાર પાડવાની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં વાલીઓ અને મુલાકાતીઓના પ્રવેશ પર નિયંત્રણ મૂકતા જારી કરાયેલા પરિપત્રને લઈને વિવાદ સર્જાયો છે. આ મામલે વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન (VPA) દ્વારા ગાંધીનગર સ્થિત કમિશનર, શાળાઓની કચેરીને પત્ર લખીને તાત્કાલિક સ્પષ્ટતા કરવાની માગ કરવામાં આવી છે.

VPAના પ્રમુખ એડવોકેટ કિશોર પિલ્લાઈએ રજૂઆત કરી છે કે, આ પરિપત્ર માત્ર સરકારી અને નગરપાલિકા સંચાલિત શાળાઓને લાગુ પડે છે કે સ્વનિર્ભર ખાનગી શાળાઓને પણ, તે અંગે અસમંજસ પ્રવર્તી રહી છે. પરિપત્રની ભાષા અને અધિકારીઓનાં નિવેદનોને કારણે વાલીઓમાં મૂંઝવણ ઊભી થઈ છે.

કિશોર પિલ્લાઈના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓની સુરક્ષા સર્વોપરી છે અને તેના માટે લેવાતાં પગલાં આવકાર્ય છે. જોકે, લેખિત મંજૂરી વિના શાળામાં પ્રવેશ નહીં આપવાના નિયમનો દુરુપયોગ થવાની આશંકા છે. ખાનગી શાળાઓ આ પરિપત્રની આડમાં વાલીઓને આચાર્ય કે શિક્ષકોને મળવા, ફરિયાદ કરવા અથવા બાળકોની સુરક્ષા અંગે રજૂઆત કરવા પર મનસ્વી નિયંત્રણ મૂકી શકે છે.

એસોસિએશનનું કહેવું છે કે વાલીઓ બાળકોના કુદરતી વાલી હોવાથી તેમની રજૂઆતો સાંભળવી અને શાળાની જવાબદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે. પ્રવેશ અંગેના કડક અર્થઘટનથી શાળાઓની જવાબદારી નબળી પડવાની અને ગંભીર ઘટનાઓ દબાઈ જવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

VPAએ શિક્ષણ વિભાગને તાત્કાલિક શુદ્ધિપત્રક બહાર પાડી પરિપત્રનો ચોક્કસ વ્યાપ સ્પષ્ટ કરવા માગ કરી છે. સાથે જ જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે તમામ શાળાઓને સૂચના આપવા રજૂઆત કરી છે, જેથી કોઈ શાળા પરિપત્રની આડમાં વાલીઓના કાયદેસરના પ્રવેશ કે રજૂઆતના અધિકારો પર મનસ્વી પ્રતિબંધ ન મૂકી શકે.

# મંગળ બજારમાં દુકાનના કર્મચારીઓ વચ્ચે મારામારી, યુવકને પાઈપ ફટકાર્યો

**બેબી** વર્લ્ડના કર્મચારીને પીક પોઈન્ટની દુકાનમાં બોલાવી હુમલો કર્યાની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

શહેરના મંગળ બજારમાં સીટી પોઈન્ટ નાકા પાસે બે દુકાનના કર્મચારીઓ વચ્ચે સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં મારામારીની ઘટના સામે આવી છે. પીક પોઈન્ટના બે કર્મચારીઓએ યુવકને દુકાનમાં બોલાવી માર માર્યો હોવાનો અને એકે લોખંડના પાઈપથી માથામાં ઈજા પહોંચાડી હોવાનો આક્ષેપ કરાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પ્રતાપનગર રોડ પર દંતેશ્વર ટેકરા ફળિયામાં રહેતાં પિંકીબેન રાજેશભાઈ ચૌધરીએ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમનો પુત્ર પ્રથમ મંગળ બજારના સીટી પોઈન્ટ નાકા પાસે આવેલી બેબી વર્લ્ડ દુકાનમાં નોકરી કરે છે. બાજુમાં આવેલી પીક પોઈન્ટ દુકાનના બે અજાણ્યા કર્મચારીઓ સાથે તેને બોલાચાલી થઈ હતી.

ફરિયાદ અનુસાર, તા. 24ના રોજ સાંજે આશરે ચાર વાગ્યે પ્રથમ દુકાનના ઉપરના માળે આવેલા ગોડાઉનમાં સામાનનું બોક્સ મૂકવા ગયો હતો. તે દરમિયાન બંને કર્મચારીઓએ તેને ધક્કો મારતાં વિવાદ થયો હતો. ત્યારબાદ પ્રથમ પોતાની દુકાને જતો રહ્યો હતો.

થોડીવાર બાદ બંને કર્મચારીઓએ તેને પીક પોઈન્ટની દુકાને બોલાવ્યો હતો. ત્યાં ઉશ્કેરાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો અને એક શખસે લોખંડના પાઈપથી તેના માથામાં ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ બંને ત્યાંથી ભાગી ગયા હતા. સીટી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી બંને અજાણ્યા હુમલાખોરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આરોપીઓની ઓળખ મેળવવા અને બનાવની હકીકત જાણવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# સાહેબ, હાઈકોર્ટની 'ઝપટ' પછી જાગ્યા કે હજુ ઊંઘમાં છો?



વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીમાં આજકાલ એક જ ચર્ચા જોરો શોરોથી ચાલી રહી છે કે ભાઈ, આ વહીવટી તંત્રને 'અક્કલ' કે 'વેગ' લાવવા માટે દર વખતે હાઈકોર્ટનો જ ચાબુક કેમ વીંઝવો પડે છે? હાઈકોર્ટની કડકાઈ અને ફિટકાર પછી જ્યારે વહીવટી તંત્રે દોડવાનું શરૂ કર્યું છે, ત્યારે વર્ષોથી ફાઈલો દબાવીને બેઠેલા અરજદારોના મોં પર હવે સંતોષભર્યું સ્મિત જોવા મળી રહ્યું છે, જો કે સાથેસાથે કટાક્ષ પણ વહેતો થયો છે કે, અરે સાહેબ, જગાડવા માટે દર વખતે શું કાયદો જ જગાડવો પડશે કે થોડી પ્રજાની અરજીઓ પણ જોશો?

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

સાંભળવા મળ્યું છે કે કલેક્ટર સાહેબ અને તેમની શાહી ટીમ પોતાની એસી ચેમ્બરોમાં એટલા બધા મગ્ન હતા કે સામાન્ય પ્રજાની અરજીઓ ક્યાં ધૂળ ખાતી થઈ ગઈ તેની તેમને ખબર જ નહોતી. લોકો વર્ષોથી અરજીઓ લઈને ધક્કા ખાતા ખાતા થાકી ગયા હતા, પણ તંત્રના કાન પર જૂ પણ સરકતી નહોતી. પ્રજા બિચારી વિચારે કે કદાચ કલેક્ટર કચેરીમાં 'અરજી સ્વીકારવાની સ્પીડ' અને 'નિરાકરણ લાવવાની સ્પીડ' વચ્ચે સદીઓનું અંતર હશે! પણ ક્યારેક ક્યારેક ન્યાયાલય એ તંત્રને ઊંઘમાંથી જગાડવું પડે છે, અને આ વખતે હાઈકોર્ટે એવું જબરજસ્ત ઝાપટું માર્યું કે તંત્રના કુંભકર્ણી ઊંઘમાંથી સીધા સફાળા જાગી ગયા.

અરજદારોમાં આશ્ચર્ય અને ખુશી બંને મિશ્રિત છે. ખુશી એ વાતની છે કે ચલો, કોઈ તો છે જે આ સાહેબોની ભાષા સમજે છે! એક અરજદારે તો ત્યાં સુધી કહી દીધું કે, "અમે તો વર્ષોથી માનતા હતા કે આ કચેરીની ખુરશીઓ ફેવિકોલ ચોંટાડીને બનાવાય છે, પણ હાઈકોર્ટના ડંડે સાબિત કરી દીધું કે ખુરશીઓ તો હલે જ છે, બસ નીચે થોડી 'ન્યાયિક ગરમી' આપવાની જરૂર પડે છે!"

હવે જોવાનું એ છે કે હાઈકોર્ટની આ કડકાઈનો પવન કેટલા દિવસ ટકે છે, કે પછી સાહેબો ફરીથી એ જ જૂની સરકારી ઢાંચાવાળી 'આપણી ફાઈલ પ્રોસેસમાં છે' વાળી ટેપ ચાલુ કરી દેશે?

હાલ તો પ્રજા હસી રહી છે અને કહી રહી છે: "સાહેબ, ક્યારેક જાતે પણ જાગી જાવ, દર વખતે હાઈકોર્ટને તસ્દી આપવી સારી નહીં!"

## વોન્ટેડ બુટલેગરનો 'દબદબો' કે પોલીસની નજરે અદશ્ય થવાની અદ્ભુત કળા?



વડોદરા શહેરમાં ગુનેગારોને ઝડપી પાડવા પોલીસની કડક કાર્યવાહી અને સક્રિય કામગીરીના દાવાઓ વચ્ચે એક સવાલ એવો પણ છે, જેનો જવાબ મળવો જરૂરી છે. અનેક ગુનાઓમાં વોન્ટેડ હોવાનું કહેવાતો એક બુટલેગર શહેરમાં જ ફરતો હોવાની ચર્ચા છે. એટલું જ નહીં, સૂત્રોના જણાવ્યા મુજબ તે એક ચોક્કસ સ્થળે જુગાર રમવા નિયમિત આવતો હોવાની પણ વાતો વહેતી થઈ છે. જો આ ચર્ચાઓમાં તથ્ય હોય, તો સવાલ થાય કે આરોપી શહેરમાં આટલો સહજતાથી હરીફરી શકે છે, પણ પોલીસની નજરે કેમ ચઢતો નથી?

પોલીસની નજરથી બચવું હોય તો ગુનેગારોએ હવે કોઈ અદૃશ્ય થવાની કળા શીખી લીધી છે કે પછી પોલીસની નજર જ ક્યારેક પસંદગીપૂર્વક કામ કરે છે?

સૂત્રો દ્વારા થતી ચર્ચા પ્રમાણે, આ કહેવાતો વોન્ટેડ બુટલેગર ચોક્કસ સ્થળે નિયમિત જુગાર રમવા આવે છે. જો તેની હિલચાલ અંગે સ્થાનિક સ્તરે માહિતી ઉપલબ્ધ હોય, તો પછી તેને પકડવા માટે પોલીસને કઈ વધારાની 'માહિતી'ની જરૂર છે? સામાન્ય નાગરિકને કોઈ સ્થળે નિયમિત આવવા-જવાનું હોય તો તેની હાજરી સહેલાઈથી નોંધાય, પરંતુ અનેક ગુનાઓમાં વોન્ટેડ હોવાનું કહેવાતી વ્યક્તિની હિલચાલ અંગે જ સવાલો ઊઠે, તો પોલીસની માહિતી વ્યવસ્થા અંગે ચર્ચા થવી સ્વાભાવિક છે.

હવે જોવાનું એ છે કે સંબંધિત પોલીસ સ્ટેશનો અને ઉચ્ચ અધિકારીઓ આ ચર્ચાઓની ખરાઈ તપાસે છે કે નહીં. આરોપી સામે નોંધાયેલા ગુનાઓની વિગતો, તેની વર્તમાન હિલચાલ અને દારૂના ગેરકાયદે નેટવર્ક અંગે તપાસ કરીને સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવે તે જરૂરી છે.

કારણ કે 'વોન્ટેડ'નો અર્થ માત્ર પોલીસના રેકોર્ડમાં નામ હોવું નથી; કાયદેસરની કાર્યવાહી કરીને આરોપીને પકડવાનો પ્રયાસ પણ એટલો જ મહત્ત્વનો છે. જો કોઈ આરોપી ખરેખર નિયમિત રીતે એક જ સ્થળે આવતો હોય, તો તેની હિલચાલની તપાસ કરવી પોલીસ માટે અશક્ય કામ ન હોવું જોઈએ.

## કમિશનરની નોટિસોથી ફફડાટ, હવે રાજકીય 'છત્રછાયા'ની તલાશ!



વડોદરા મહાનગરપાલિકામાં આ દિવસોમાં એક નવી જ 'વહીવટી રમત'ની ચર્ચા રંગ પકડી રહી છે. કમિશનરે કામગીરીમાં બેદરકારી અને ગેરરીતિઓ સામે કડક વલણ અપનાવી અધિકારીઓને કારણદર્શક નોટિસો આપવાનું શરૂ કરતાં પાલિકાના કેટલાક કાર્યાલયોમાં જાણે શાંતિ નહીં, પણ 'નોટિસનો સન્નાટો' છવાઈ ગયો હોય તેવી સ્થિતિ હોવાની ચર્ચા છે.

કમિશનરનો એક જ મંત્ર હોય એવું લાગી રહ્યું છે–કામ કરો, જવાબદારી નિભાવો અને ભૂલ હોય તો જવાબ આપો! પરંતુ સરકારી કચેરીઓની પરંપરાગત કાર્યશૈલીમાં આટલી સીધી વાત પણ કેટલાકને ભારે પડી રહી હોય તેમ જણાય છે. અત્યાર સુધી ફાઈલોની ગતિ ધીમી હોય તો ચાલે, પરંતુ નોટિસની ગતિ તેજ થાય તો અસ્વસ્થતા વધે જ ને!

આવા માહોલમાં ટાઉન પ્લાનિંગ વિભાગના કેટલાક અધિકારીઓએ શાસક પક્ષના એક અગ્રણી નેતાનો સંપર્ક સાધ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પાલિકાના ગલિયારામાં વહેતી વાતો મુજબ, અધિકારીઓએ નેતાને મળીને પોતાની રજૂઆતો કરી અને કમિશનરનું આકરું વલણ થોડું નરમ પડે તે માટે રાજકીય સ્તરે રજૂઆત કરવાની વિનંતી કરી હોવાની ચર્ચા છે. જોકે, આ મુલાકાત અને રજૂઆત અંગે સત્તાવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી.

હવે સવાલ એ છે કે વહીવટમાં શિસ્ત લાવવા માટે લેવાતાં પગલાં સામે રજૂઆત કરવી એ અધિકારીઓનો અધિકાર છે, પરંતુ જો નોટિસોથી બચવા રાજકીય દબાણનો આશરો લેવાની કોશિશ થતી હોય તો વહીવટી જવાબદારીનું શું?

હવે જોવાનું એ રહેશે કે કમિશનર પોતાની કડક કાર્યશૈલી જાળવી રાખે છે કે પછી પાલિકાના રાજકીય ગલિયારામાંથી આવતી રજૂઆતોને પગલે વહીવટી તેવરમાં કોઈ ફેરફાર જોવા મળે છે!

# સયાજીગંજ ડેરી ડેન સર્કલ પાસે ત્રણ મિત્રો પર હુમલો, એકને હથિયાર વાગ્યું

**પરશુરામ** ભઠ્ઠા પાસેના અલ્તાફ સહિત 3-4 શખ્સોએ ગાળો બોલી ઝપાઝપી કરી, બે ને ગંભીર ઇજા, સયાજીગંજ પોલીસે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા ડેરી ડેન સર્કલ પાસે ગત રાત્રે ત્રણ મિત્રો અને એક યુવાનના ભત્રીજા પર હુમલો થવાની ઘટનાએ ચકચાર મચાવી છે. જાહેરમાં ગાળાગાળી કરી ધારદાર હથિયાર વડે હુમલો કરાતા પોલીસે તાત્કાલિક ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નટરાજ ટાઉનશીપ, પરશુરામ ભઠ્ઠા, સયાજીગંજમાં રહેતા ધર્મેશભાઈ રમેશભાઈ માળીએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ રાત્રે તેઓ પોતાના મિત્રો અમિત ગોહેલ, દિપ માળી અને ભત્રીજા યશ માળી સાથે ડેરી ડેન સર્કલ, સયાજીગંજ ખાતે હાજર હતા. તે દરમિયાન આરોપી અલ્તાફ રહે. જય અંબે માતાના મંદિર પાસે, પરશુરામ ભઠ્ઠા અને તેની સાથેના અન્ય બે-ત્રણ ઈસમો ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપીઓએ આવતા વેત જ ફરિયાદી સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી અને ઢીકા-પાટુનો માર મારવા લાગ્યા હતા. ફરિયાદીના મિત્રો અને ભત્રીજા વચ્ચે છોડાવવા પડતા આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા. દરમિયાન ફરિયાદીના મિત્ર દિપ માળીને ડાબા હાથે કોઈ ધારદાર સાધન વડે ઈજા પહોંચાડવામાં આવી હતી, જ્યારે અમિતને માથાના ભાગે અને ભત્રીજા યશને ડાબા હાથે આંગળીઓ વચ્ચે ઈજા પહોંચી હતી. હુમલા બાદ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી છે.

સીસીટીવી કેમેરામાં 3 શંકાસ્પદ કેદ થયા

# માંજલપુર GIDCમાં તસ્કરોનો તરખાટ, બંધ ગલ્લાનું તાળું તોડી રોકડ અને માલની ચોરી

**પોલીસના** રાત્રી પેટ્રોલિંગ સામે સવાલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં ચોરીની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. મોડી રાત્રે માંજલપુર જીઆઈડીસી વિસ્તારમાં આવેલા એક બંધ ગલ્લાને તસ્કરોએ નિશાન બનાવતા વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ ગલ્લાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ગલ્લામાંથી આશરે 7 હજાર રૂપિયા રોકડા ઉપરાંત બીડી, સિગારેટ અને પાન-બીડીની પડીકીઓ મળી કુલ મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે ગલ્લા ધારક દુકાને પહોંચતા તાળા તૂટેલા જોવા મળ્યા હતા. અંદર તપાસ કરતા ચોરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.





મળતી માહિતી મુજબ વડોદરાના મકરપુરા જીઆઈડીસી મેટ્રિક કંપની સામે આવેલી ખોડિયાર માતાની મંદિરની બાજુમાં ગલ્લો ચલાવતા અશોકભાઈ કાંતિભાઈ ખાટને ત્યાં ગત રાત્રે તસ્કરોએ ત્રાટકીને લાખોની ચોરીને અંજામ આપ્યો હોવાની ઘટના સામે આવી છે. દુકાનદાર અશોકભાઈના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે તસ્કરો તેમની દુકાનના ગલ્લામાંથી 6 થી 7 હજાર રૂપિયાની રોકડ રકમ તેમજ 14 થી 15 હજાર રૂપિયાની કિંમતનો માલસામાન ચોરી કરી ગયા હતા. તસ્કરો સિગારેટના 25-25 રૂપિયા વાળા પેકેટો સહિતની તમામ ચીજવસ્તુઓ ઉઠાવી ગયા છે. ઘટનાસ્થળની આસપાસ તપાસ કરતા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં ત્રણ જણા એક્ટિવા પર ઠેલો ભરીને સામાન લઈ જતા સ્પષ્ટ નજરે પડે છે. આ મામલે ગલ્લાના માલિક દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના પગલે પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પીડિત દુકાનદારની માંગ છે કે પોલીસ આ મામે સત્વરે કડક તપાસ કરે અને આરોપીઓને પકડીને યોગ્ય સજા કરે.

# ગુજરાતી ફિલ્મોએ પોતાની આગવી ઓળખ અને ઉચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે: મલ્હાર ઠાકર

**વડોદરાની** મુલાકાતે આવેલા અભિનેતાએ સંસ્કૃતિ જાળવીને ફેશન અપનાવવાનો આપ્યો સંદેશ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૫

ગુજરાતી સિનેમા જગતના લોકપ્રિય યુવા અભિનેતા મલ્હાર ઠાકર તાજેતરમાં વડોદરાની મુલાકાતે આવ્યા હતા. તેમના આગમનને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વડોદરાની આ મુલાકાતને અત્યંત યાદગાર ગણાવતા મલ્હાર ઠાકરે જણાવ્યું હતું કે, સંસ્કારી નગરી વડોદરાના લોકોનો પ્રેમ અને ઉત્સાહ હંમેશાં તેમને નવી ઉર્જા પૂરી પાડે છે.

વર્તમાન ગુજરાતી સિનેમાની સ્થિતિ વિશે વાત કરતા મલ્હાર ઠાકરે ફિલ્મ મેકર્સ અને પ્રોડ્યુસર્સ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "આજની ગુજરાતી ફિલ્મોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ અને એક ઉચ્ચ સ્થાન જાળવી રાખવામાં મોટી સફળતા મેળવી છે." વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતી સિનેમા હજુ વધુ ઊંચાઈઓ સર કરે તે માટે ફિલ્મ નિર્માતાઓએ એવા વિષયો પર કામ કરવું જોઈએ, જેને દર્શકો પોતાના પરિવાર સાથે બેસીને મોકળાશથી માણી શકે.

શહેરના ગેંડા સર્કલ સ્થિત આવેલા બ્લુ ક્લબ સ્ટોરની મુલાકાત દરમિયાન ફેશન અને ટ્રેન્ડ વિશે વાત કરતા અભિનેતાએ એક સુંદર સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સમય અને યુગ મુજબ ફેશન બદલાતી રહેવી સ્વાભાવિક છે, પરંતુ આપણે આપણી સંસ્કૃતિ અને પરંપરાને ક્યારેય ભૂલવી ન જોઈએ. ફેશન એવી હોવી જોઈએ જે આપણી સાંસ્કૃતિક ઓળખ સાથે તાલ મિલાવી શકે અને તેને અનુરૂપ જ વસ્ત્રોની ખરીદી કરવી જોઈએ.

BMA ના પ્રમુખ ડો. મંગલા ચૌહાણનું સફળ નેતૃત્વ

# BMA દ્વારા AI + Human વિષય પર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજાઈ



**AI** માનવીનો વિકલ્પ નથી, સહયોગી છે : તજજ્ઞો

(પ્રતિનિધિ) વડોદરા

બરોડા મેનેજમેન્ટ એસોસિએશન (BMA) દ્વારા પ્રમુખ ડૉ. મંગલા ચૌહાણના નેતૃત્વ હેઠળ 'AI + હ્યુમન : શેપિંગ ધ ફ્યુચર ઓફ વર્ક ટુગેધર' વિષય પર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજાઈ હતી. નીતલ ઝવેરીએ કોન્ફરન્સના ચેરપર્સન તરીકે જવાબદારી નિભાવી હતી.

મુખ્ય વક્તા રોટેક્સ ઓટોમેશનના ચેરમેન નીરવ શાહે ઉદ્યોગોમાં AIના વ્યવહારુ ઉપયોગ અંગે ઉદાહરણો રજૂ કર્યા હતા. તેમણે AI આધારિત કોલ્સ અને મેસેજિંગ દ્વારા કાર્યક્ષમતા વધારવા તથા રોજિંદા કામકાજ સરળ બનાવવાની શક્યતાઓ સમજાવી હતી. પેનલ ચર્ચામાં અંકિત શાહ, ભરત ગુપ્તા, જયલ શાહ અને રોહન લેલેએ ભાગ લીધો હતો. નીતલ ઝવેરીના સંચાલનમાં યોજાયેલી ચર્ચામાં AIના અસરકારક અમલ, જવાબદાર ઉપયોગ અને ઉત્પાદકતા વધારવા પર ભાર મૂકાયો હતો. ચર્ચામાં નિષ્કર્ષ રજૂ થયો કે AIનો હેતુ માનવનું સ્થાન લેવાનો નહીં, પરંતુ માનવીય ક્ષમતાઓને વધુ સશક્ત બનાવવાનો છે. કોન્ફરન્સ ઉદ્યોગ અગ્રણીઓ માટે વિચારોના આદાનપ્રદાનનું મહત્ત્વપૂર્ણ મંચ બની હતી.

# MSUની મલખંભ ટીમ ઓલ ઈન્ડિયા યુનિ. સ્પર્ધામાં ભાગ લેશે




**કોટામાં** 26થી 31 ઓક્ટોબર દરમિયાન ચેમ્પિયનશિપ યોજાશે, ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

રાજસ્થાનના કોટા ખાતે તા. 26થી 31 ઓક્ટોબર, 2026 દરમિયાન યોજાનારી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી મલખંભ ચેમ્પિયનશિપ 2025-26માં ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની મલખંભ ટીમ ભાગ લેશે.

આ સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરનારી ટીમના કોચ તરીકે પાર્થ કાંસારા જોડાશે. ટીમમાં ક્રીતપાલ બિહોલા, યશ પાટીલ, યાશિષ, કરણ, રાજીવ અને દીવેન્દ્રનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટીનાં ગેમ કો-ઓર્ડિનેટર શીતલ શેઠ અને ફિઝિકલ ડિરેક્ટર હરજીત કૌર દ્વારા ટીમના ખેલાડીઓને સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ખેલાડીઓ પોતાની પ્રતિભા અને કૌશલ્યના આધારે ઉત્કૃષ્ટ દેખાવ કરી વિજય મેળવે તથા MSU બરોડાનું નામ રોશન કરે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# વડોદરામાં સાંચોરા બ્રાહ્મણ સમાજનો શરદોત્સવ યોજાયો



**યમુનાષ્ટક** સ્તુતિ બાદ ગરબાની રમઝટ, બેસ્ટ પ્લેયર અને બેસ્ટ પરિધાન કેટેગરીમાં ઇનામો અપાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.25

સમસ્ત સાંચોરા બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ દ્વારા તા. 24 ઓક્ટોબરના રોજ શ્રી ગોવર્ધનનાથજી હવેલી ગ્રાઉન્ડ ખાતે શરદોત્સવ યોજાયો હતો. તેમાં વડોદરા સહિત અન્ય શહેરોના જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ સમાજની બાળાઓના દીપ પ્રાગટ્યથી થયો હતો. ત્યારબાદ શ્રી યમુનાષ્ટક મંડળની બહેનોએ યમુનાષ્ટકની સ્તુતિ રજૂ કરી હતી.

ગરબા કાર્યક્રમમાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગરબાના તાલે સૌએ આનંદથી ઉત્સવની ઉજવણી કરી હતી.

કાર્યક્રમમાં બેસ્ટ પ્લેયર અને બેસ્ટ પરિધાનની વિવિધ કેટેગરીમાં ઈનામો આપવામાં આવ્યાં હતાં. જ્ઞાતિજનોની ઉત્સાહભેર સહભાગિતા વચ્ચે શરદોત્સવ સંપન્ન થયો હતો.

# MGVCL દ્વારા SSG હોસ્પિટલને રૂ. ૪૦ લાખની રેસ્ક્યૂવાન ભેટ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૫

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) હેઠળ વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલને રૂ. 40 લાખના ખર્ચે તૈયાર કરાયેલી અત્યાધુનિક રેસ્ક્યૂવાન ભેટ આપવામાં આવી છે.

સયાજી હોસ્પિટલ ખાતે યોજાયેલા લોકાર્પણ સમારોહમાં વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશીએ રેસ્ક્યૂવાનને લીલી ઝંડી આપી ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ, સ્થાનિક પદાધિકારીઓ, કાઉન્સિલરો અને હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રંજન ઐયર ઉપસ્થિત રહ્યા હતા.

આધુનિક તબીબી અને રેસ્ક્યૂ સાધનોથી સજ્જ આ વાન અકસ્માતો અને કટોકટીના સમયે દર્દીઓને સમયસર સારવાર પહોંચાડવામાં ઉપયોગી બનશે. આપત્તિના સમયે તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડીને દર્દીઓના જીવ બચાવવામાં પણ તે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે MGVCL દ્વારા CSR ફંડ હેઠળ SSG હોસ્પિટલને અત્યાર સુધીમાં રૂ. 1 કરોડથી વધુની સહાય પૂરી પાડવામાં આવી છે. આરોગ્ય સુવિધાઓના વિકાસ માટે કંપનીનું આ યોગદાન મહત્ત્વપૂર્ણ છે.

# માતા-પિતાની યાદમાં લોન લઈ એમ્બ્યુલન્સ શરૂ કરી




**25 વર્ષથી** હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા લલિતકુમાર રાણા દર્દીઓની સેવા કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા મકરપુરા પોલીસ સ્ટેશનના બી ઝોનમાં છેલ્લા 25 વર્ષથી હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા 50 વર્ષીય લલિતકુમાર જેઠાભાઈ રાણાએ સ્વર્ગસ્થ માતા-પિતાની યાદમાં લોન લઈને એમ્બ્યુલન્સ શરૂ કરી છે.

ડીસીપી અભિષેક ગુપ્તાના જણાવ્યા મુજબ, લલિતભાઈને તબીબી ક્ષેત્રનો બહોળો અનુભવ છે. તેઓ ખાનગી હોસ્પિટલ અને એસએસજી હોસ્પિટલમાં સેવા આપી ચૂક્યા છે. તેમના પિતા સામાજિક કાર્યકર્તા અને માતા ઉર્મિલાબેન શિક્ષિકા હતાં. માતા-પિતાના સંસ્કારોને જીવંત રાખવા તેમણે આ પહેલ કરી છે.

લલિતભાઈ રાત્રે હોમગાર્ડ તરીકે ફરજ બજાવે છે અને દિવસે પોતે એમ્બ્યુલન્સ ચલાવી જરૂરિયાતમંદ દર્દીઓને રાહતદરે સેવા આપે છે. તેઓ બીએલએસ, સીપીઆર, ફર્સ્ટ એઈડ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ ધરાવે છે. ડીસીપી ગુપ્તાએ તેમની પહેલને પ્રેરણાદાયી ગણાવી હતી. 50 વર્ષની વયે સમાજસેવા માટે લીધેલો તેમનો નિર્ણય અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યો છે.